# જાહેરનામું

## પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૦૪/૨૦૨૩, તા. ૧૯/૧/૨૦૨૩

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ-૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે એન્ટી ડ્રગ પોલીસીની વધુ અસરકારક અમલવારી માટે અવેરનેસ લાવવા સારુ અમદાવાદ શહેરમાં આગામી તા.૨૧/૧/૨૦૨૩ ના રોજ **'Thrill Addict Night Half Marathon'** નામનો કાર્યક્રમ જનજાગૃતિ અર્થે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો ભાગ લેવા માટે આવનાર છે. જે અનુસંધાને વાહનો સાથે આવતા લોકો, મહાનુભાવશ્રીઓ તથા આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ વાહન પાર્કિંગ કરવાની પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ ફરમાવવા માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

આજની યુવા પેઢીમાં માદક દ્રવ્યો, તમાકું અને દારુના દૂષણથી શારીરીક સ્વાસ્થ્ય જોખમાતું જાય છે અને જેના કારણે યુવા પેઢીનું આર્થિક અને સામાજીક જીવન પ્રભાવિત થાય છે. આ દૂષણોથી યુવા પેઢી દૂર રહે અને તેના શારિરીક અને માનસિક સ્વાસ્થ્યની તંદુરસ્તી પ્રત્યે ધ્યાન આપી અને સાહસિક બની ભારત દેશના વિકાસમાં ભાગીદારી કરે તે માટેની જનજાગૃતિ અર્થે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા પણ 'ફીટ ઈન્ડીયા કમ્પેઈન' અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. આ અભિયાન અન્વયે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૧/૧/૨૦૨૩ ના રોજ 'Thrill Addict Night Half Marathon' નામનો કાર્યક્રમ જનજાગૃતિ અર્થે યોજવાનું નક્કી કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભાગ લેવા સારુ મોટી સંખ્યામાં લોકો આવનાર છે. જેથી આ બાબતને ધ્યાને લઇ નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત /ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | **રિવરફ્રન્ટનો પશ્ચિમ માર્ગ :** વાડજ સ્મશાનગૃહ કટ થી રીવરફ્રન્ટ પશ્ચિમ રોડથી આંબેડકર બ્રિજ થી જમણી બાજુ વળી અંજલી ચાર રસ્તા સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | **વૈકલ્પિક માર્ગ : (આશ્રમ રોડ)** વાડજ સ્મશાન ગૃહ કટથી વાડજ સર્કલ થઇ ઉસ્માનપુરા ચાર રસ્તા થઇ ઈન્કમટેક્ષ ઓવર બ્રીજ મધ્ય ભાગ થઇ બાટા શો રૂમ ચાર રસ્તા થઇ ડિલાઇટ ચાર રસ્તા થઇ ટાઉન હોલ ચાર રસ્તા થઇ પાલડી ચાર રસ્તા થઇ મહાલક્ષ્મી પાંચ રસ્તા થઇ અંજલી ઓવરબ્રિજ થઇ અવર જવર કરી શકાશે. |
| ૨. | વાડજ સર્કલ થી સુભાષબ્રિજ સર્કલ સુધીનો જતો-આવતો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | સુભાષબ્રિજ સર્કલ થઇ પ્રબોધરાવળ સર્કલથી ડાબી બાજુ વળી પલક ચાર રસ્તા થી ડાબી બાજુ વળી વાડજ સર્કલ તરફ અવર જવર કરી શકાશે. |
| ૩. | પાવર હાઉસ ચાર રસ્તા થી રીવરફ્રન્ટ પશ્ચિમ રેલ્વે બ્રિજ થઇ સુભાષબ્રિજ સર્કલ | પાવર હાઉસ ચાર રસ્તા થઇ ચિમનભાઇ ઓવરબ્રિજ મધ્યભાગ થઇ પ્રબોધરાવળ સર્કલ થી ડાબી બાજુ |

| | | |
|---|---|---|
| | તરફ જતો રીવરફ્રન્ટ પશ્ચિમનો માર્ગ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | વળી સુભાષબ્રિજ સર્કલ તરફ અવર જવર કરી શકાશે. |
| ૪. | સરદારબ્રિજ નીચે રીવરફ્રન્ટ પુર્વ થી આંબેડકર બ્રિજ રીવરફ્રન્ટ પુર્વનો માર્ગ તથા આંબેડકર ઓવરબ્રિજ વાહનોની અવર જવર માટે બંધ રહેશે. | **(એ)** ખોડીયારનગર ચાર રસ્તા થઇ બહેરામપુરા પોલીસ ચોકી પાછળ થઇ જમાલપુર ચાર રસ્તા થઇ સરદારબ્રિજ તરફ અવર જવર કરી શકાશે.<br>**(બી)** ખોડીયારનગર ચાર રસ્તા થી પીરાણા ચાર રસ્તા થઇ શાસ્ત્રી ઓવરબ્રિજ થઇ વિશાલા સર્કલ થઇ વાસણા ગામ ટી થઇ આશ્રમ રોડ તરફ અવર જવર કરી શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને **તા.૨૧/૧/૨૦૨૩ ના ૧૬.૦૦ થી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૧/૨૦૨૩ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૧૯/૧/૨૦૨૩
અમદાવાદ શહેર

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર

(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)

(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર

(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં

(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.